મધ્યાહન ભોજન યોજના અંતર્ગત M.M.E.હેઠળ મળતી કેન્દ્ર સરકારની સહાયની રકમ SSA હસ્તકના ખાતામાં જમા કરવા અને ખર્ચની મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મભય/૨૦૧૧/૫૪૯ /આર,
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧/૦૭/૨૦૧૫

વંચાણે લીધાઃ- (૧) ભારત સરકારની NPNSPE-૨૦૦૬ની ગાઇડ લાઇન્સ

(૨) શિક્ષણ વિભાગનો તા.૨૧/૦૫ /૨૦૧૧નો સરખા ક્રમાકનો પત્ર.

(૩) ભારત સરકારનો તા.૨૨/૪/૧૫ ના પત્ર ક્રમાંક-એફ.નં.૧૭-૧/૨૦૧૫-MDM ૧-૧ (ઇઇ-૫).

(૪) કમિશ્નરશ્રી, મ.ભો.યો.ના તા.૩૦/૪ /૧૫ ના પત્ર ક્રમાંક:MDM /હસબ/ M.M.E /૨૦૧૫/૩૭૮૧, તા.૨/૫/૧૫ ના પત્ર ક્રમાંક:MDM /અમલ /વશી/૪૩૪/૩૮૮૭ અને તા.૨૨/૫/૧૫ ના પત્ર ક્રમાંકઃ MDM /અમલ / વશી /૧૦૩૪/૪૪૦૭.

ઠ રા વ-

રાજયમાં મધ્યાહન ભોજન યોજનાના અમલ માટે ભારત સરકાર તરફથી M.M.E. ( Management, Monitoring & Evaluation ) હેઠળ મળતી સહાયમાંથી સંદર્ભ -(૪)માં દર્શાવેલ કમિ.મ.ભો.યો.ના પત્રથી (અ) સને.૨૦૧૫-૧૬માં ભારત સરકાર તરફથી M.M.E.હેઠળની મળેલ પ્રથમ હપ્તાની રુ.૧૭૦.૮૧ લાખની ગ્રાન્ટ એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવવા અને (બ) એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં જમા રકમ રુ.૧૨૮૧.૭૯ લાખમાંથી ત્રણ બાબતો અંગે ખર્ચ કરવા માટે (૧) મ.ભો.યો.અંતર્ગત મળેલ ગ્રાન્ટમાંથી રાજ્યના ૩૦૬૯૭ મ.ભો.યો.કેન્દ્રો ( N.G.O.) સિવાયના કેન્દ્રો પૈકી ૧૮૦૪૪ કેન્દ્રો ખાતે અગ્નિ શામક યંત્ર કેન્દ્રદીઠ રુ.૧૮૪૦/-(વેટદર ૧૫ % સાથે) રુ.૩,૩૮,૬૩,૩૬૦/-ની ની રકમની ખરીદી કરવા અને ગ્રાન્ટ સ્ટેટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાન મિશનને હવાલે મુકવાની બાબત. (૨) ભારત સરકાર તરફથી સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાજ્યના ૩૩ જિલ્લાઓ પ્રાથમિક શાળાના કુલ ૪૨,૪૫,૬૩૪ લાભાર્થી બાળકોને સાબુથી હાથ ધોવા માટે એક લીમડાના સાબુના નંગના રુ.૧૨ ગણતા એસ.એમ.સી.દ્વારા ખરીદી કરવા કુલ ખર્ચ રુ.૨,૫૪.૭૩,૮૦૪ ના ખર્ચને મંજુરી આપવા બાબત. (૩) સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે મ.ભો.યો.કેન્દ્રો ખાતે અનાજની જાળવણી માટે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લીમીટિડને બાકી ચુકવવાની રકમ રુ.૯,૪૨,૧૮૬/ ચુકવવા દરખાસ્ત કરેલ છે.

૨. પ્રસ્તુત બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે સને.૨૦૧૫-૧૬માં ભારત સરકાર તરફથી M.M.E. હેઠળની મળેલ પ્રથમ હપ્તાની રુ.૧૭૦.૮૧ લાખની ગ્રાન્ટ એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવવાની આથી મંજુરી આપવામાં આવે છે.અને એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં M.M.E.ગ્રાન્ટની જમા રકમ રુ.૧૨૮૧.૭૯ લાખમાંથી નીચે દર્શાવેલ બે બાબતોએ માટે ખર્ચ કરવા માટે આથી નીચેની શરતોને આધિન મંજુરી આપવામાં આવે છે.

(૧) ભારત સરકાર તરફથી સ્વચ્છતા અભિયાન અંતર્ગત રાજ્યના ૩૩ જિલ્લાઓ પ્રાથમિક શાળાના કુલ ૪૨,૪૫,૬૩૪ લાભાર્થી બાળકોને સાબુથી હાથ ધોવા માટે એક લીમડાના સાબુના નંગના રુ.૧૨ ગણતા એસ.એમ.સી.દ્વારા ખરીદી કરવા કુલ ખર્ચ રુ.૨,૫૪.૭૩,૮૦૪ ના ખર્ચને મંજુરી આપવામાં આવે છે.

(૨) સને.૨૦૧૪-૧૫માં નવી બાબતે મ.ભો.યો.કેન્દ્રો ખાતે અનાજની જાળવણી માટે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લીમીટિડને બાકી ચુકવવાની રકમ રુ.૯,૪૨,૧૮૬/ એમ.એમ.ઇ.ની ગ્રાન્ટમાંથી ચુકવવા આથી મંજુરી આપવામાં આવે છે.

(૧)ક્રમાંક-૧ હેઠળની સાબુની ખરીદી એસ.એમ.સી.મારફતે કરવાની રહેશે.

(૨) કમિશ્નરશ્રી, મ.ભો.યો. દ્વારા આ બાબતે જરુરી ઉપયોગિતા પ્રમાણપત્ર ભારત સરકારને આ વિભાગ મારફત મોકલી આપવાનું રહેશે.

(૩) બચત રહેતી રકમ એસ.એસ.એ. હસ્તકના અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવીને તેની અત્રે જાણ કરવાની રહેશે.

(૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકશે નહિ.

(૫) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૭)ભારત સરકારની મ.ભો.યો. અંગેની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૮/૭/૨૦૧૫ નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- માન. રા.ક. મંત્રીશ્રી (પ્રા.શિ.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (ઉ.અને ટે શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- અગ્ર સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- સેકશન અધિકારી શ્રી,બજેટ,નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા સારૂ)
-- નાયબ સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઇલ.,
-- સિલેકટ ફાઇલ.